Capital World Pg 5, 31st March 2022

# બિટકોઈન સહિતની મુખ્ય ક્રિપ્ટો કરન્સીમાં વેચવાલીથી ઘટાડો

## » ભારતીય ક્રિપ્ટો વાયરનો આઈસી૧૫ ઈન્ડેક્સમાં ૧.૪૦ ટકાનો ઘટાડો



**કેપિટલ સંવાદદાતા તા.૩૦**

ગત સાત દિવસ સુધી સતત વૃદ્ધિ થયા બાદ રોકાણકારોએ બુધવારે નફો અંકે કરતાં ક્રીપ્ટોકરન્સીમાં સાધારણ ઘટાડો આવ્યો હતો. બિટકોઈન ૪૮,૦૦૦ ડોલરની ઉપર જઈ આવ્યા બાદ હાલ ૪૭,૦૦૦ની આસપાસ ચાલી રહ્યો છે.

હાલમાં ગોલ્ડમેન સાક્સ અને બ્લેકરોક જેવી નાણાકીય સંસ્થાઓએ ક્રીપ્ટોકરન્સીને સમર્થન આપ્યું હોવાથી તથા સિંગાપોરના લ્યુના ફાઉન્ડેશન ગાર્ડે ૧.૩ અબજ ડોલર મૂલ્યના બિટકોઈનની ખરીદી કરી હોવાથી બિટકોઈનમાં મોટો ઉછાળો આવ્યો છે.

બિટકોઈન બુધવારે બપોરે ૪૭,૨૦૦ની નજીક ટ્રેડ થઈ રહ્યો હતો. ઈથેરિયમ ૧ ટકો ઘટીને ૩,૩૦૦ ડોલરની આસપાસ ચાલી રહ્યો છે.

દરમિયાન, ક્રીપ્ટોવાયરે લોન્ચ કરેલો વિશ્વનો સર્વપ્રથમ ક્રીપ્ટો ઈન્ડેક્સ - આઈસી૧૫ બુધવારે બપોરે ચાર વાગ્યે પૂરા થયેલા ચોવીસ કલાકમાં ૧.૪૦ ટકા (૧૦૦૬ પોઈન્ટ) ઘટીને ૬૯૨૫૨ પોઈન્ટ બંધ રહ્યો હતો.